સુરત જિલ્લામાં વરસાદનું ચિત્ર બદલાયું

8 તાલુકામાં 100 ટકાથી વધુ વરસાદ

અંબિકા તાલુકામાં સૌથી વધુ 157 ટકા વરસાદ

માંડવીમાં અત્યાર સુધી માત્ર 58.91 ટકા

તાલુકાવાર વરસાદમાં મોટો તફાવત

સુરતઃ સુરત જિલ્લામાં ચાલુ ચોમાસાની સિઝનમાં વરસાદનું પ્રમાણ તાલુકાવાર અલગ-અલગ જોવા મળી રહ્યું છે. 30 વર્ષના સરેરાશ વરસાદની સરખામણીએ જિલ્લાના 12 તાલુકામાંથી 8 તાલુકામાં 100 ટકાથી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે, જ્યારે બાકીના 4 તાલુકા સરેરાશથી હજુ પાછળ છે. ખાસ કરીને અંબિકા તાલુકામાં સરેરાશની સરખામણીએ સૌથી વધુ 157.05 ટકા વરસાદ નોંધાયો છે. બીજી તરફ માંડવી તાલુકામાં સરેરાશના માત્ર 58.91 ટકા વરસાદ સાથે સૌથી ઓછો વરસાદ નોંધાયો છે.

સુરત જિલ્લામાં સરેરાશની સરખામણીએ એકંદરે વરસાદનું

ચિત્ર સાનુકૂળ છે, પરંતુ તાલુકાવાર સ્થિતિમાં ભારે અસમાનતા છે. અંબિકા અને પલસાણામાં વરસાદે સરેરાશનો આંકડો નોંધપાત્ર રીતે વટાવ્યો છે, જ્યારે માંડવીમાં હજુ વરસાદની મોટી ઘટ છે. તેથી માત્ર જિલ્લાના કુલ વરસાદને આધારે સ્થિતિનું મૂલ્યાંકન કરવાને બદલે તાલુકાવાર વરસાદને જોવો વધુ મહત્ત્વપૂર્ણ બની રહે છે. આંકડા મુજબ અંબિકા તાલુકામાં 30 વર્ષનો સરેરાશ વરસાદ 66.12 ઈંચ છે, જ્યારે ચાલુ સિઝનમાં અત્યાર સુધીમાં 103.84 ઈંચ વરસાદ પડી ચૂક્યો છે. એટલે કે સરેરાશ કરતાં લગભગ 37.72 ઈંચ વધુ વરસાદ નોંધાયો છે અને કુલ વરસાદ સરેરાશના 157.05 ટકા સુધી પહોંચી ગયો છે. આમ, અંબિકા સમગ્ર જિલ્લામાં સૌથી વધુ વરસાદ ધરાવતો તાલુકો બન્યો છે.

એક જ જિલ્લામાં વરસાદનું અસમાન વિતરણ

એક તરફ અંબિકા અને પલસાણા જેવા તાલુકામાં સરેરાશ કરતાં ઘણો વધુ વરસાદ પડી ગયો છે, તો બીજી તરફ માંડવી અને અરેઠ જેવા તાલુકા સરેરાશના 65 ટકાથી પણ ઓછા વરસાદ પર છે. સૌથી વધુ અને સૌથી ઓછા વરસાદની ટકાવારી વચ્ચેનો તફાવત 98.14 ટકા પોઇન્ટનો છે. અંબિકામાં 157.05 ટકા વરસાદ સામે માંડવીમાં 58.91 ટકા વરસાદ થયો છે. આ તફાવત દર્શાવે છે કે જિલ્લામાં ચોમાસું સમાન રીતે વરસ્યું નથી.

તાલુકાવાર વરસાદની સ્થિતિ

તાલુકો	30 વર્ષનો સરેરાશ	સિઝનનો કુલ વરસાદ	સરેરાશની ટકાવારી
અંબિકા	66.12 ઈંચ	103.84 ઈંચ	157.05%
પલસાણા	60.48 ઈંચ	87.08 ઈંચ	143.98%
કામરેજ	59.64 ઈંચ	73.00 ઈંચ	122.40%
બારડોલી	60.44 ઈંચ	72.28 ઈંચ	119.59%
ઓલપાડ	43.00 ઈંચ	50.84 ઈંચ	118.23%
સુરત	58.52 ઈંચ	66.96 ઈંચ	114.42%
ઉમરપાડા	80.40 ઈંચ	90.72 ઈંચ	112.84%
મહુવા	66.12 ઈંચ	68.80 ઈંચ	104.05%
માંગરોળ	57.88 ઈંચ	46.24 ઈંચ	79.84%
ચોર્યાસી	52.52 ઈંચ	37.16 ઈંચ	70.75%
અરેઠ	60.89 ઈંચ	38.64 ઈંચ	63.51%
માંડવી	60.84 ઈંચ	35.84 ઈંચ	58.91%

ચાર તાલુકા હજુ સરેરાશથી પાછળ

માંડવીમાં 30 વર્ષનો સરેરાશ વરસાદ 60.84 ઈંચ છે, જ્યારે ચાલુ સિઝનમાં 35.84 ઈંચ વરસાદ નોંધાયો છે. એટલે કે માત્ર 58.91 ટકા વરસાદ થયો છે અને સરેરાશ કરતાં લગભગ 25 ઈંચ વરસાદ ઓછો છે. અરેઠમાં 60.89 ઈંચના સરેરાશ સામે 38.64 ઈંચ એટલે કે 63.51 ટકા, જ્યારે ચોર્યાસીમાં 52.52 ઈંચના સરેરાશ સામે 37.16 ઈંચ એટલે કે 70.75 ટકા વરસાદ થયો છે. માંગરોળમાં 57.88 ઈંચના સરેરાશ સામે 46.24 ઈંચ વરસાદ નોંધાયો છે, જે 79.84 ટકા થાય છે. ગુજરાત રાજ્યની વાત કરીએ તો અહીં પણ અનેક જિલ્લાઓમાં વરસાદના આગમનની ખેડૂતો રાહ જોઇ રહ્યાં છે. તો બીજી તરફ સુરત જિલ્લાના કેટલાક તાલુકા હજી પણ વરસાદની રાહમાં છે તો કેટલાક તાલુકામાં 100 ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે. ખાસ કરીને ભરૂચના વાગરા અને આમોદ તાલુકામાં હજી પણ ખેડૂતની જરૂરિયાત જેવો વરસાદ વરસ્યો નથી. જેથી આ તાલુકામાં સિંચાઇના પાણીની માંગણી પણ કરવામાં આવી રહી છે. હવે બીજી તરફ સપ્ટેમ્બર મહિના સુધી જ ચોમાસું હોવાની જાહેરાત કરવામાં આવી છે.

સુમુલમાં 1 વર્ષ અથવા નવી કમિટી નહીં ત્યાં સુધી વહીવટ કસ્ટોડિયનને હવાલે

ચૂંટણી પરિણામ જાહેર થયાના મહિના બાદ સરકારના નિર્ણય સામે ભારે નારાજગી

સુરતઃ સુમુલ ડેરીમાં કસ્ટોડિયન કમિટીની મુદત નવી કમિટી વહીવટ નહીં સંભાળે ત્યાં સુધી અથવા એક વર્ષ સુધી લંબાવવામાં આવી છે. સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને રાહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગર દ્વારા એક નોટીફિકેશન પ્રસિદ્ધ કરી આ જાહેરાત કરવામાં આવી છે.

કસ્ટોડિયનની મુદત લંબાવવાના ગુજરાત સરકારના નિર્ણયને પગલે પશુપાલકો, ખેડૂત આગેવાનો અને ડેરીના માજી ડિરેક્ટરોમાં નારાજગી જોવા મળી રહી છે. જાહેર કરાયેલા હુકમ મુજબ કસ્ટોડિયન કમિટીની મુદત તા.13 ઓગસ્ટ, 2026થી તા.12 ઓગસ્ટ, 2027 સુધી અથવા નવી ચૂંટાયેલી કમિટી સંસ્થાનો કાર્યભાર સંભાળે ત્યાં સુધી, બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી લંબાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સુમુલ ડેરીમાં તા.13 ઓગસ્ટ, 2025થી કસ્ટોડિયનની નિમણૂંક કરવામાં આવી હતી. ત્યારબાદ લાંબા સમય બાદ ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી યોજાઇ હતી અને તા.17 જુલાઈ, 2026ના રોજ ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. જોકે પરિણામ જાહેર થયા બાદ પણ નવી કમિટીની રચના પૂર્ણ થઈ શકી નથી. ખાસ કરીને તા.17 ઓગસ્ટે યોજાનારી ડેરીના પ્રમુખ અને ઉપપ્રમુખ પદની ચૂંટણી મોકૂફ રાખવામાં આવી હતી. આ ઘટનાક્રમ બાદ રાજ્ય સરકારે ફરી કસ્ટોડિયન કમિટીની મુદત લંબાવવાનો નિર્ણય કરતાં પશુપાલકો અને માજી ડિરેક્ટરોએ વિરોધ નોંધાવ્યો છે.

પશુપાલકો સાથે દગો કરવા સમાનઃ જયેશ દેલાડ

સુમુલ ડેરીના 25 વર્ષ સુધી ડિરેક્ટર રહેલા ખેડૂત આગેવાન માજી ડિરેક્ટર જયેશ પટેલ (દેલાડ)એ જણાવ્યું હતું કે, સુમુલમાં કસ્ટોડિયનની નિમણૂંક વધુ એક વર્ષ માટે લંબાવવી એ પશુપાલકો સાથે દગો કરવા સમાન ઘટના છે. મોડી યોજાયેલી ચૂંટણીના પરિણામ જાહેર થયા છતાં પ્રમુખ તથા ઉપપ્રમુખની વરણી સમયસર થઈ શકી નથી. જયેશ પટેલે એવો પણ આક્ષેપ કર્યો હતો કે દૂધના વેચાણ ભાવમાં પ્રતિ લિટર ₹.2નો વધારો કરવામાં આવ્યો હોવા છતાં તેનો યોગ્ય ભાવફેરનો લાભ પશુપાલકોને આપવામાં આવ્યો નથી. તેમણે સુમુલના વહીવટ સામે પ્રશ્નો ઉઠાવતા દાવો કર્યો હતો કે ડેરીમાં દૂધની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને હાલમાં અંદાજે રોજના 1.50 લાખ લિટર દૂધની ઓછી આવક થઈ રહી છે. તેમના દાવા મુજબ અનેક પશુપાલકો હવે પોતાનું દૂધ અન્યત્ર ભરવા લાગ્યા હોવાથી સુમુલ ડેરીની પ્રતિષ્ઠા અને આર્થિક હિતો સામે પણ પ્રશ્નો ઊભા થયા છે.

સમરસ હોસ્ટેલમાં વ્યવસ્થાઓ સામે વિદ્યાર્થીઓનો આક્રોશ

ગર્લ્સ મેસમાં ઇયળ મળ્યા બાદ હવે બોયઝ મેસમાં વાંદો મળતાં હોબાળો

પાણી-સફાઇ અને બાથરૂમની સમસ્યાઓ મુદ્દે ધરણા.

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં સમાજ કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત સમરસ હોસ્ટેલની વ્યવસ્થાને લઇને વિદ્યાર્થીઓમાં રોષ વધ્યો છે. ગઇકાલે ગર્લ્સ હોસ્ટેલની મેસમાં ભોજનમાંથી ઇયળ નીકળવાની ઘટના બાદ આજે બોયઝ હોસ્ટેલની મેસમાં વાંદો મળી આવવાની ઘટના બાદ વિદ્યાર્થીઓએ તંત્ર સામે મોરચો ખોલ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, યુનિવર્સિટી કેમ્પસમાં વિવિધ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે સમાજ કલ્યાણ વિભાગ દ્વારા સમરસ બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલનું સંચાલન કરવામાં આવે છે. જોકે છેલ્લા કેટલાક સમયથી હોસ્ટેલની મેસ અને અન્ય સુવિધાઓને લઇને વિદ્યાર્થીઓ દ્વારા ફરિયાદો કરવામાં આવી રહી હોવાના આક્ષેપો છે. ગતરોજ ગર્લ્સ હોસ્ટેલની મેસના ભોજનમાં ઇયળ મળી આવ્યા બાદ વિરોધ થયો હતો. તેના બીજા જ દિવસે બોયઝ હોસ્ટેલના ભોજનમાં વાંદો મળી આવતાં વિદ્યાર્થીઓનો રોષ વધુ ઉગ્ર બન્યો હતો. વિદ્યાર્થીઓએ એબીવીપીની આગેવાની હેઠળ હોસ્ટેલ પરિસરમાં ધરણાં કરી તંત્ર સામે વિરોધ નોંધાવ્યો હતો. આંદોલનની જાણ થતાં સમાજ કલ્યાણ વિભાગના અધિકારીઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા. વિદ્યાર્થીઓએ મેસમાં પીરસાતા ભોજનની ગુણવત્તા અંગે ગંભીર સવાલો ઉઠાવી નિયમિત અને ગુણવત્તાયુક્ત ભોજન આપવામાં આવે તેવી માંગ કરી હતી.

આ ઉપરાંત વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી સમરસ ગર્લ્સ હોસ્ટેલ વિવાદોનું કેન્દ્ર બની ગઇ છે. તાજેતરમાં જ હોસ્ટેલમાં પીવાના પાણીની અછત, સફાઇનો અભાવ અને ભોજનમાં ઇયળો તેમજ જીવાત નીકળવા મુદ્દે ABVPની આગેવાનીમાં વિદ્યાર્થિનીઓએ ખાલી ડિશ સાથે ધરણાં કરી ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

અગાઉ પણ જીવાત નીકળી હતી, છતાં કોઇ પગલાં નથી લેવાયાં

ધરણાં પર બેઠેલા વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ, મેસના ભોજનમાં અગાઉ પણ વાંદા અને ઇયળ જેવી જીવાત મળી આવવાની ઘટનાઓ બની હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા. એટલું જ નહીં, બગડેલા શાકભાજીનો ઉપયોગ કરીને ભોજન તૈયાર કરવામાં આવતું હોવાનો પણ વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો હતો.

ભોજનની સાથે હોસ્ટેલની સુવિધાઓ સામે પ્રશ્નાર્થ

વિદ્યાર્થીઓનો વિરોધ માત્ર મેસ પૂરતો મર્યાદિત રહ્યો ન હતો. બોયઝ હોસ્ટેલમાં પાણીની અપૂરતી સુવિધા, વોશરૂમમાં રિપેરિંગની જરૂરિયાત અને યોગ્ય સફાઇના અભાવ જેવા પ્રશ્નો પણ ધરણાં દરમિયાન ઉઠાવવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓના આક્ષેપ મુજબ, મૂળભૂત સુવિધાઓ માટે વારંવાર રજૂઆત કરવા છતાં સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી.

કાયમી ઉકેલની માંગ સાથે ઉગ્ર માહોલ

વિદ્યાર્થીઓને આપવામાં આવતી અન્ય મૂળભૂત સુવિધાઓની સ્થિતિ અંગે પણ પ્રશ્નો ઊભા કર્યા છે. વિદ્યાર્થીઓએ હવે માત્ર ઘટના બાદની કાર્યવાહી નહીં, પરંતુ મેસ, રસોડું, પાણી, સફાઇ અને વોશરૂમ સહિતની સમગ્ર વ્યવસ્થાની તપાસ કરી કાયમી ઉકેલ લાવવાની માંગ કરી છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓના આરોગ્ય અને સલામતી સાથે જોડાયેલા પ્રશ્નોમાં તંત્રએ ગંભીરતા દાખવી તાત્કાલિક પગલાં લેવા જોઇએ.

સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં ગંદકી મામલે આપના કોર્પોરેટરની મુલાકાત

સુરત : વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી સ્થિત સરકારી સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં જમવામાં ઇયળો નીકળવાની ઘટના બાદ પણ કોઇ સુધારો ન આવતા આમ આદમી પાર્ટીના મહિલા કોર્પોરેટર રચના હીરપરા અને અસ્મિતા ધોરાજીયાએ હોસ્ટેલની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન સાત દિવસ પહેલાં બનેલી ઘટના છતાં પરિસ્થિતિ જસ ની તસ જોવા મળી હતી. રસોડામાં શાકભાજી બનાવવા માટે વપરાતું શાક સડેલું હતું તેમજ ગોળ અને મસાલા જેવી ખાદ્ય સામગ્રીઓ ખુલ્લામાં પડી રહી હતી. આ ઉપરાંત, બપોરે દોઢ વાગ્યા પછી આવતી વિદ્યાર્થિનીઓને તાજું ભોજન ન આપવાની અને ખુલ્લું રખાયેલું વાસી ભોજન પીરસવાની બાબત પણ સામે આવી હતી, જે મુદ્દે કોર્પોરેટરોએ હોસ્ટેલથી જ વીડિયોના માધ્યમથી વિરોધ દર્શાવ્યો હતો.

અમરેલી લેટરકાંડમાં પાયલ ગોટીને ૭.૫૦ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

ગોટીની ધરપકડ બાદ તેનું સરઘસ કાઢવાની ઘટનાને માનવ અધિકાર ઉલ્લંઘન ગણાવી પંચ સમક્ષ રજૂ કરાયો હતો

ગાંધીનગરઃ અમરેલી લેટરકાંડમાં પાયલ ગોટીની ધરપકડ બાદ જાહેરમાં સરઘસ કાઢવાના મામલે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે સમગ્ર ઘટનાને માનવ અધિકારના ઉલ્લંઘન તરીકે ગણાવી ગુજરાત સરકારને પાયલ ગોટીને રૂ. ૭.૫૦ લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે. કથિત શારીરિક-માનસિક યાતના તેમજ જાહેરમાં પરેડ કરાવવાની કાર્યવાહી અંગેની રજૂઆતોની સુનાવણી બાદ પંચે રાજ્ય સરકારને વળતર ચૂકવવા આદેશ કર્યો હોવાનું સામે આવ્યું છે.

આ અંગ મળતી માહિતી પ્રમાણે આ સમગ્ર મામલે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની ત્રણ સભ્યોની ખંડપીઠ સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવી હતી. પાયલ ગોટીની ધરપકડ બાદ તેને જાહેરમાં સરઘસ સ્વરૂપે લઈ જવાની ઘટનાને લઈને માનવ અધિકારના ઉલ્લંઘનનો મુદ્દો પંચ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. સુનાવણી બાદ પંચે પાયલ ગોટીની ધરપકડ અને ત્યારબાદ જાહેરમાં પરેડ કરાવવાની કાર્યવાહી અંગે ગંભીર નોંધ લીધી હતી.

પંચ સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી હતી કે પોલીસની કાર્યવાહીથી પાયલ ગોટીને માનસિક તેમજ સામાજિક રીતે ભારે અસર થઈ હતી. પોલીસ કસ્ટડી દરમિયાન શારીરિક અને માનસિક યાતના આપવામાં આવી હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. માનવ અધિકારના ઉલ્લંઘન બદલ પીડિતાને વળતર આપવાનો નિર્ણય લેતાં પંચે ગુજરાત સરકારને રૂ. ૭.૫૦ લાખ ચૂકવવાનો આદેશ કર્યો છે.

પેરા મેડિકલ કોર્સિસમાં પ્રવેશ માટે પ્રથમ રાઉન્ડની પસંદગી પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગરઃ વર્ષ ૨૦૨૬-૨૭ માટે બી.એસસી. નર્સિંગ, સહિતના પેરા મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પ્રથમ રાઉન્ડની પસંદગી પ્રક્રિયાનો આજથી પ્રારંભ થયો છે. પ્રથમ રાઉન્ડન ચોઈસ ફિલિંગ તા.7મી સપ્ટેમ્બર સાંજે 4 કલાક સુધી કરી શકાશે. હાલમાં પ્રવેશ સમિતિ પાસે કોર્સ મુજબ કુલ 55024 બેઠક ઉપલબ્ધ છે. પ્રવેશ સમિતિના જણાવ્યા પ્રમાણે બી.એસસી. નર્સિંગ, ફિઝિયોથેરાપી, જી.એન.એમ., એ.એન.એમ., ઓપ્ટોમેટ્રી, ઓક્યુપેશનલ થેરાપી, ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ, બી.એ.એસ. એલ.પી. તેમજ નેચરોપથી સહિતના વિવિધ પેરા મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની પ્રથમ રાઉન્ડની ઓનલાઈન પસંદગી ભરવાની પ્રક્રિયા ૭ સપ્ટેમ્બર ૪ વાગ્યા સુધી હાથ ધરાશે. અભ્યાસક્રમો અને બેઠકોને ધ્યાનમાં રાખીને પોતાની પસંદગી ઓનલાઈન નોંધાવવાની રહેશે.

મુખ્યમંત્રીનો આજે મુંબઈમાં ઉદ્યોગકારો સાથે સીધો સંવાદ

મુંબઈમાં રોડ શો પણ કરાશે, 'ધ તાજ મહલ પેલેસ' ખાતે વિદેશી કોન્સલ જનરલ્સ અને અગ્રણી ઉદ્યોગકારો સાથે બેઠક કરાશે

ગાંધીનગરઃ વાઇબ્રન્ટ ગુજરાત વૈશ્વિક શિખર સંમેલન-૨૦૨૭ માટે ગુજરાતે હવે મુંબઈના ઉદ્યોગજગત પર નજર કેન્દ્રિત કરી છે. નવી દિલ્હીમાં સફળ પ્રારંભિક કાર્યક્રમ બાદ આવતીકાલે, તા. ૩ સપ્ટેમ્બરે મુંબઈના કોલાબા સ્થિત 'ધ તાજ મહલ પેલેસ' ખાતે ગુજરાત સરકાર દ્વારા વિશેષ રોડ-શો યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આ કાર્યક્રમમાં વિવિધ દેશોના કોન્સલ જનરલ્સ તથા દેશના અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે સીધો સંવાદ કરીને ગુજરાતમાં રોકાણની નવી તકો, ઉદ્યોગોના વિસ્તરણ અને વ્યૂહાત્મક ભાગીદારી માટે આમંત્રણ આપશે. રોડ-શો દરમિયાન ગુજરાતના ઔદ્યોગિક વિકાસ, રોકાણલક્ષી નીતિઓ સહિતની તકોનું પ્રસ્તુતીકરણ કરવામાં આવશે.

રૂપથી વધુ અગ્રણી કંપનીઓના વડાઓ સાથે બેઠક

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રોડ-શો પૂર્વે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટાટા ટ્રસ્ટ્સ, મહિન્દ્રા ગ્રુપ, એએમ/એનએસ ઇન્ડિયા, એસટીટી ગ્લોબલ ડેટા સેન્ટર્સ ઇન્ડિયા, ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝ, સિપ્લા, સન ફાર્મા, લાર્સન એન્ડ ટુબ્રો, આદિત્ય બિરલા ગ્રુપ, નાયરા એનર્જી, પિરામલ ગ્રુપ, આરપીજી એન્ટરપ્રાઇઝિસ સહિત રૂપથી વધુ અગ્રણી કંપનીઓ અને સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે વ્યક્તિગત બેઠકો કરશે.

ઓછા વરસાદવાળા જિલ્લાઓમાં પાણી-ઘાસચારાની અછત મુદ્દે સમીક્ષા

કેબિનેટમાં કચ્છ, જામનગર-દ્વારકા સહિત જિલ્લાઓમાં આગોતરી વ્યવસ્થા કરવા સૂચના

ગાંધીનગરઃ રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદની ખેંચ વચ્ચે સરકારે પીવાના પાણી અને પશુધન માટેના ઘાસચારાની વ્યવસ્થાને લઈને તંત્રને એલર્ટ કરી દીધું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં કચ્છ, જામનગર અને દેવભૂમિ દ્વારકા સહિતના ઓછા વરસાદવાળા જિલ્લાઓની સ્થિતિની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી. આ વિસ્તારોમાં પીવાના પાણી કે ઘાસચારાની અછત ઊભી ન થાય તે માટે આગોતરી વ્યવસ્થા કરવા તમામ સંબંધિત વિભાગોને સૂચના અપાઈ છે. સાથે જ પ્રભારી મંત્રીઓને પણ પોતાના જિલ્લાની સ્થિતિની ખાસ સમીક્ષા કરવા જણાવાયું છે.

ઓછા વરસાદવાળા વિસ્તારો પર સરકારની ખાસ નજર

કચ્છ, જામનગર અને દેવભૂમિ દ્વારકા જેવા ઓછા વરસાદવાળા જિલ્લાઓમાં પાણી અને ઘાસચારાની સ્થિતિ બગડે નહીં તે માટે સરકાર દ્વારા અત્યારથી જ વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. મુખ્યમંત્રીએ સંબંધિત તંત્રને પરિસ્થિતિ પર સતત નજર રાખવા અને જરૂરિયાત ઊભી થાય તે પહેલાં જ પગલાં લેવા સૂચના આપી છે. આમ, કેબિનેટ બેઠકમાં એક તરફ રાજ્યના આર્થિક વિકાસના આંકડાઓ પર સંતોષ વ્યક્ત થયો હતો, તો બીજી તરફ ઓછા વરસાદવાળા વિસ્તારોમાં લોકો અને પશુધનને મુશ્કેલી ન પડે તે માટે વહીવટી તંત્રને સક્રિય રહેવાનો સ્પષ્ટ સંદેશ અપાયો છે.

મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટેના બીજા રાઉન્ડમાં 4 સપ્ટે. સુધી રજિસ્ટ્રેશન થશે

પહેલા રાઉન્ડમાં જે બાકી રહી ગયા તેમના માટે આ બીજી તક રહેશે

અગાઉ PIN ખરીદનારા વિદ્યાર્થીઓને ફરી ફી ભરવાની જરૂર નહીં

સુરતઃ રાજ્યની મેડિકલ અને ડેન્ટલ કોલેજોમાં સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે મહત્ત્વની તક ઊભી થઈ છે. પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડની શરૂઆત સાથે રાઉન્ડ-1માં રજિસ્ટ્રેશન કરાવી ન શકેલા વિદ્યાર્થીઓને ફરી ઓનલાઈન પ્રક્રિયામાં જોડાવાની તક આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ 4 સપ્ટેમ્બર સુધી PIN ખરીદી રજિસ્ટ્રેશન પૂર્ણ કરી શકશે.

PIN ખરીદવાની પ્રક્રિયા 1થી 4 સપ્ટેમ્બર દરમિયાન બપોરે 12 વાગ્યા સુધી ચાલુ રહેશે, જ્યારે ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે 4 સપ્ટેમ્બરે સાંજે 4 વાગ્યા સુધીનો સમય આપવામાં આવ્યો છે. પ્રવેશ પ્રક્રિયામાં રાઉન્ડ-1 દરમિયાન PIN ખરીદી ચૂકેલા વિદ્યાર્થીઓએ બીજા રાઉન્ડમાં ફરીથી PIN ખરીદવાની કે તેની ફી ભરવાની જરૂર રહેશે નહીં. જ્યારે રાઉન્ડ-1માં રજિસ્ટ્રેશન જ ન કરાવી શકેલા વિદ્યાર્થીઓએ નિર્ધારિત સમયમર્યાદામાં PIN ખરીદી નવી પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. ઓનલાઈન રજિસ્ટ્રેશન પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવાનું રહેશે. આ માટે હેલ્પ સેન્ટરની પસંદગી કરી સમય અને તારીખ સાથેનો સ્લોટ અગાઉથી બુક કરાવવો ફરજિયાત રહેશે. ડોક્યુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રિયા 2થી 5 સપ્ટેમ્બર દરમિયાન બપોરે 12 વાગ્યા સુધી હાથ ધરાશે. હેલ્પ સેન્ટર પર સોમવારથી શુક્રવાર સવારે 10થી સાંજે 4 વાગ્યા સુધી કામગીરી થશે.

લોકલ ક્વોટા માટે રહેણાક પ્રમાણપત્ર જરૂરી

લોકલ ક્વોટા હેઠળ પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ પણ જરૂરી દસ્તાવેજોની બાબતમાં સાવચેતી રાખવી પડશે. આવા વિદ્યાર્થીઓ માટે સંબંધિત ડીન પાસેથી રહેણાંક પ્રમાણપત્ર મેળવવું ફરજિયાત રહેશે. NRI કેટેગરી હેઠળ પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે પણ અલગથી દસ્તાવેજ પ્રક્રિયા રાખવામાં આવી છે. NRI કેટેગરીના વિદ્યાર્થીઓએ ₹.10 હજારનો ડ્રાફ્ટ જમા કરાવવાનો રહેશે. પ્રવેશ પ્રક્રિયામાં PIN માટે કુલ ₹.11 હજાર ચૂકવવાના રહેશે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

એક પછી...

કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા આકાશમાં દૂર સુધી જોવા મળતા હતા. ઘટનાની જાણ થતાં ભેસ્તાન, મજુરા, માનદરવાજા, ઉધના, ભીમરાડ, વેસુ સહીત અલગ-અલગ છ ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડનો મોટો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ફાયરબ્રિગેડના જવાનોએ આગને ચારેય તરફથી કાબૂમાં લેવા માટે પાણીનો મારો શરૂ કરી ભારે જહેમત હાથ ધરી હતી. ફાયરના જવાનો દ્વારા સતત પાણીનો મારો ચલાવી દોઢ કલાકની ભારે જહેમત બાદ આગને કાબુમાં કરી લીધી હતી. ભીષણ આગની ઘટનામાં સદનસીબે કોઇ જાનહાની થઇ નથી, પરંતુ ઓઇલના આશરે 100 જેટલા ડ્રમ, તથા બાજુના ગેરેજમાં પાર્ક કરેલા ત્રણ આઇસર ટેમ્પો, એક નેનો ટેમ્પો બળીને ખાક થઇ ગયા હતા.

લગ્નની કંકોત્રીના...

પોલીસકર્મીઓ નિશાન બની ગયા હોવાનું બહાર આવ્યું છે. સાયબર ઠગોએ 3000થી વધુ પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓને ટાર્ગેટ કરીને લગ્નની કંકોતરીના નામે એક શંકાસ્પદ apk ફાઇલ મોકલી હતી. જેમાંથી ૨૦૦થી વધુ પોલીસકર્મીઓએ અજાણતા આ ફાઇલ ડાઉનલોડ કરતાં જ તેમનાં ડિવાઇસ હેંગ થઈ ગયાં હતાં અને સંપૂર્ણ કંટ્રોલ સાયબર ઠગોના હાથમાં જતો રહ્યો હતો. આ સાયબર હુમલાની ગંભીરતાને ધ્યાને રાખીને, 3 હજાર કરતાં વધારે પોલીસ કોન્ટેક્ટો પર સાઇબર ઠગોની કંકોત્રીની ફાઇલથી ૨૦૦ જેટલા પોલીસ કર્મચારીઓ ભેરવાઈ જતાં ઇન્ચાર્જ પોલીસ કમિશનર કચેરી ખાતે તાત્કાલિક પ્રેસ કોન્ફરન્સ બોલાવવામાં આવી હતી અને સમગ્ર સુરત પોલીસને હાઇ એલર્ટ મોડ પર મૂકી દેવામાં આવી છે. સુરત પોલીસે જમાવ્યું હતું કે, આ રીતે લગ્નની કંકોત્રીના નામે .apk ફાઇલ આવે તો ધ્યાન રાખવું.

વોટ્સએપમાં apk ફાઇલ આવે તો શું સાવચેતી રાખવી?ય

- શંકાસ્પદ apk ફાઇલથી સાવધાનઃ સોશિયલ મીડિયા કે વોટ્સએપ પર આવતી કોઇ પણ અજાણી લિંક કે 'Wedding_Invitation.apk' જેવી ફાઇલ પર ભૂલથી પણ ક્લિક ન કરો. કંકોતરી હંમેશાં PDF કે ઇમેજ ફોર્મેટમાં હોય છે, કોઇ એપ્લિકેશન (.apk) ફોર્મેટમાં નહીં.
- તાત્કાલિક પગલાંઃ જો ભૂલથી આવી કોઇ ફાઇલ ઇન્સ્ટોલ થઇ જાય, તો સૌથી પહેલાં ફોનનું ઇન્ટરનેટ/વાઇ-ફાઇ બંધ કરો અને ફોનને તાત્કાલિક એરપ્લેન મોડ પર મૂકી સ્વીચ ઓફ કરો.
- બેંકિંગ સુરક્ષાઃ તુરંત જ અન્ય સુરક્ષિત ડિવાઇસથી નેટબેંકિંગ કે UPI એકાઉન્ટ્સ બ્લોક કરાવો અથવા બેંક શાખાનો સંપર્ક કરી એકાઉન્ટ હોલ્ડ કરાવો.
- સાયબર હેલ્પલાઇનઃ સાયબર ફ્રોડનો ભોગ બનતાં જ કે શંકાસ્પદ ગતિવિધિ જણાતાં ભારત સરકારની હેલ્પલાઇન 1930 પર તુરંત જાણ કરો અથવા નજીકના સાયબર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરો.

સામાન્ય નાગરિકો માટે લાલબત્તી સમાન કિસ્સો

સાયબર સુરક્ષાથી વાકેફ રહેતી પોલીસ પણ જ્યારે આવા સ્કેમનો ભોગ બની જતી હોય, ત્યારે સામાન્ય નાગરિકો માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે. અજાણ્યા નંબ